Publication: Divya Bhaskar
Date: 31/8/2019
Page: 10
Column: 4

દિવ્ય ભાસ્કર, મુંબઈ, શનિવાર, 31 ઓગસ્ટ, 2019

# મુંબઈમાં ગણેશ પંડાલોને રાહત દરે વીજળીની ઓફર

મુંબઈ | અદાણી ઈલેક્ટ્રિસિટી ગણેશ પંડાલોને અરજી મળ્યાના 3 દિવસમાં જ રાહત દરે હંગામી વીજ જોડાણો ઓફર કરી રહી છે. તેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે "એઈએમએલ મુંબઈમાં ગણેશોત્સવમાં આ સુવિધા આપશે. જો સાઈટ કોમ્પ્લાયન્સ અસ્તિત્વ ધરાવતા હોય તો અરજી મળ્યાના 3 દિવસમાં જ 2500થી વધુ ગણેશ પંડાલોને વીજ જોડાણ અપાય તેની ખાતરી કરવા માટે વિસ્તારિત વ્યવસ્થા કરી છે. આ દરેક પંડાલને વીજળી અમારા દ્વારા રાહત દરે પૂરી પાડવામાં આવશે. અમે ગણેશ પંડાલોને સત્તાવાર રીતે જોડાણ લે તેવી વિનંતી કરીએ છીએ. તેઓ ઓનલાઈન પણ અરજી કરી શકે છે તેમ જ મુંબઈનાં પરાંઓમાં આવેલા એઈએમએલ ડિવિઝનલ કસ્ટમર કેર સેન્ટર્સની પણ મુલાકાત લઈ શકે છે, એમ તેમણે જણાવ્યું હતું. ગણેશ મંડળો માન્ય લાયસન્સ ધરાવતા ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર પાસેથી વાયરીંગ લેવાની જવાબદારી રાખે જેથી પંડાળમાં આવતી ભક્તોની સુરક્ષાની ખાતરી કરી શકાય. એઈએમએલ 74 મૂર્તિ વિસર્જન સ્થળોએ હંગામી ધોરણે પ્રકાશ સાથે ફ્લડ લાઈટ્સ અને સ્ટેન્ડબાય ડીઝલ જનરેટર (ડીજી) સેટ બેકઅપ પૂરો પાડે છે.